કવિઓ ! તમારી જાતને કવિ તરીકે ન ઓળખાવો !

તમે દેડકાઓ છો !

ચોમાસાની ભેજવાળી રાતે સાયોલિયાને પંપાળતા તમે

ડ્રાંઉં ડ્રાંઉં

બરાડો !



શીર્ષક

એરિસ્ટોટલના જમાનાથી માંડીને અત્યાર સુધી કાવ્યને સમજવા-સમજાવવાના મિથ્યા પ્રયાસો થતા જ રહ્યા છે. એ પ્રયાસો કદાચ ભાષાના વિદ્યાર્થીઓને મદદરૂપ થઈ શકે, પરંતુ કાવ્યને અનુપકારક જ નીવડવાના. સર્જકતા એવા 'પડીકાબંધ' પ્રયાસોને ગાંઠતી નથી અને નિશ્ચિત થયેલાં ચોકઠાંમાં ઘૂમતી પણ નથી. કવિતાના 'tonal experiences'ના vibrations સમય-સમય પર અલગ અલગ રીતે પડઘાયે જ જાય છે અને એ પડઘાને ઝીલવાનો પ્રયત્ન કરો; કાંઈક 'બંધારણ' જેવું સ્થાપવા ઈચ્છો; ત્યાં તો વિરુદ્ધ દિશામાંથી કોઈ જુદી જ જાતના 'tonal experiences'ના vibrations સાંભળવા મળશે.

વિવેચનને પડકારે એવી સર્જકતા જ્યારે આપણી ભાષામાં એક નિશ્ચિત ગતિ કરી રહી છે, ત્યારે આ નવીન પ્રવૃત્તિ પ્રત્યે અનેક દૃષ્ટિકોણથી જોવાના પ્રયત્નો થઈ રહ્યા છે. કોઈ એને કેવળ અર્થહીન પ્રવૃત્તિ કહીને નાકનું ટીચકું ચડાવશે,

તો સર્જક પોતે પણ પોતાની પ્રવૃત્તિ વિશે મૌન સેવીને સર્જનમાં જ અથઇતિ સમજશે. કવિ માત્ર સમાજથી અળગો થઇને સર્જનના 'topless towers'માં જ ઘૂમે એ ઇચ્છનીય છે. આથી સમાજ પ્રત્યેનું સર્જનનું ઉત્તરદાયિત્વ ઘટતું જાય અને કવિતા વધુને વધુ પ્રમાણમાં શુધ્ધ સાહિત્ય તરફ ડગ માંડે. 'નવી કવિતા' વિશે મતભેદ-મતમતાંતર જેવું છે ખરું, પરંતુ એ બધા વાદવિવાદના મુખે 'સાયલેંસર' ચઢાવી દેવામાં આવ્યું હોય તેમ લાગે છે. 'નવી કવિતા' જે સાહિત્યિક ' violent quarrels ' જગાવવા જોઇએ તે બહુ પ્રમાણમા જગાવી શકી નથી.

આમે ય આપણું અવલોકન-વિવેચન સાહિત્ય પરંપરાગત સાહિત્યની આળપંપાળ કરવામાં અને નવીન સાહિત્ય પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ દાખવવા માટે જાણીતું છે, ત્યારે નવીન સર્જકોને ફાળે જ નવીન સર્જનાત્મક સાહિત્યને સ્થિર કરવાની અને પરંપરાગત રૂઢી-વલણોને વિભ્રમનાં જાળાં-માંથી ખેંચી કાઢી ખુલ્લા કરવાની જવાબદારી આવી પડી છે.

■ hasmu
kh
s
raval

હવામા અદ્ધર રહી ગયેલા અવાજોની
પાછળથી પવનમાં ફોલી કાઢેલાં વહાણો
આંખ સામે તરી જાય છે. શિવના મંદિરની સામે
હાથ ફેલાવું છું. તારા શહેર તરફ લાકડાના પગ
સાથે શબ્દોની તલવાર વીંઝતાં મેં
ખોવાયેલી આંગળીઓની શોધ મૂકી દીધી છે.
ટ્રેનમાં સહિસલામત પાછો ફરું છું. ઘર તરફથી
ઝૂકીને સલામ ભરતા માણસો પર પગ
મૂકીને ચાલું છું. ટેબલ તારા શ્વાસનો ભાર
લઈને દોડે છે મારા તરફ.

■ પ્ર
બોધ પ
ફીખ

હાઈકુ

રાતને પાછી
વાપરવા, સૂર્યને
ખિસ્સામાં રાખ્યો

બત્તી ઘરમાં
રાત બિચારી રોતી
રસ્તા ઉપર

■ આશિત
હૈદ્રાબાદી

અળખામણા અનુભવ

[૧]

તમારી
પાછળ
પાછળ
આવશે
રેસ્ટોરાંના ટેબલ પર
ચમકતા
સ્ટેનલેસ સ્ટીલના
ચમચા જેવા
લંબગોળ
કૃત્રિમ ઉપગ્રહો.
તમારા
હોઠ ત્યારે
રેસ્ટોરાંના પડદાની જેમ
ફફડતા હશે.
તમે જે કાંઈ
બોલશો તે

અયનમંડળ
ટેપરેકોર્ડરની જેમ
ઘણું ગ્રહણ કરી
લેશે....
તમારી અવકાશયાત્રાનો થાક
અને અનુભવોની ગોઠવણી
જાણે પેક કરેલા
ખોખામાં હારબંધ
ગ્લુકોઝના બિસ્કીટ
ગોઠવ્યા !
તમને સપનું આવે
કદાચ :
મુક્ત અવકાશપિંડ
બનીને ઘૂમવું
એ
ટવીસ્ટ, શેઈક અને જર્ક
કરવા જેવું ગમે છે !

[૨]

તમારો ઉપગ્રહ
સરકતો સરકતો
કોઈક
અવકાશના સંદેશાઓનું
પૂર્ણવિરામ બનશે,
(તમે ઇચ્છો કે ના ઇચ્છો
તો પણ)
તમારી આગળ પાછળ
ઉલ્કાઓ સાથિયા પૂરશે.
તે સાથિયા
એટલે તમારી હવાની
ટીકડીઓના વિવિધ આકારો,
તમારા
ટેલ્કમ પાવડરના ડબ્બા
ઉપર દોરાયેલી
ડીઝાઇનો,
તમારો
એ ઉપગ્રહ
સરકતો સરકતો
કોઈક

મોટા ઉપગ્રહમાં
ભળી જાય
ત્યારે તમને
પૃથ્વી – તત્વનું
રાસાયણિક સ્વપ્ન
આવશે કે ?

[૩]

તમારી આંખોમાં
બોલાઈને
વિલુપ્ત થતા
શબ્દોને
ભૂલથી
અંતરીક્ષમાં મૂકાયેલા
ઉપગ્રહો માનવામાં આવે છે....
તમારી આંખોમાં
ધગધગતા
વાયુના ગોળા
ગબડતા હોય તેવો
અનુભવ કેટલાકને થાય છે....
તમારી આંખોમાં
જો
કદી
નૃત્ય કરતી નીહારીકા
દેખાય તો તે વખતે
આંખો આગળ
આવરણ કરી
લેવામાં આવે છે....

તમારી
આંખોમાં
માત્ર
પાણીમાં વહેતાં
શહેર
જોવામાં આવે છે,
ત્યારે
તમને થાય છેઃ
તે સૂર્યમંડળના
ગ્રહ ક્યારે
બનીશું ?

[૪]

અવકાશીય ગ્રહોની
ગતિની ગણતરી જેટલી
ઝીણવટથી કરવામાં આવે
તેથી ય અધિક સૂક્ષ્મ રીતે
તમારી આંખોની ગતિની
ગણતરી કરવામાં આવે છે!
તમારી કેટલી ઉલ્કાઓ
અદૃશ્ય થઇ અને
ફરી ક્યારે દેખાશે
તેની નોંધ તમારી ધ્યાન
બહાર થતી જ રહે છે!
તમને
એવા
ગ્રહ માનવામાં આવે છે કે
જેની સપાટી
ઉપરથી સુંવાળી
પણ અંદરથી
અનાનસના ફળ જેવી
ખરબચડી છે!
સ્વાભાવિક જ

સ્મિત કરો છો ત્યારે
કહેવામાં આવે છે કે
ત ગ્રહમાંથી
વળી પાછો
કૃત્રિમ–ઉપગ્રહ
છૂટો પડશે !

■ મધુ
કોઠારી

જનતા પાન–હાઉસમાં સેકેલા સેવરધન સોપારી
વેચાય છે, તે જાણીને મારી ચામડીના છિદ્રો વધુ
કરુણતાનો દેખાવ કરે છે. અહીં દાર્જીલીંગની તાજી
કડક, ખુશ્બોદાર ચા મળે છે પણ ગળામાંથી
આવતી ગંધ પ્રાણીના પૂંછડા જેવી
હોય ત્યાં ચા ક્યાં સુધી સહારો આપી શકે !
સંતોષકારક સીલાઈ કામ, ઝડપી ડીલીવરી, જેન્ટસ્ ટેલ
બાદશાહી પીણાં, ગોલ્ડનકેશ, સફેદ લેમન
અને મેંગોકેશ, નિરાશાના સાબુના ફીણ વધારશે.

■ મોલ
રોલી

શ્વાસ અને મૌન

મારો શ્વાસ.....
રાત્રિના અંધકારનો દોર પકડી
ચાલ્યો જાય છે....
સાતમા આકાશના
તારાના ઘરના માળીયામાં બેઠેલ
આગિયામાં પ્રકાશી
એના ખોવાયેલા ભાંડુને શોધવા.
આકાશનું આ મૌન ધરતી નીચેના પડમાં છવાયેલા
મૌનની સામે
યુગોથી મરેલાં એનાં બચ્ચાની
રાખ મેળવવા વાતો કરી રહ્યું છે.
તેની કીકીઓની કાળાશ
એ ખાલી જગ્યા પૂરવા
વાદળીઓના મહેલે મહેલે ફરી વળે છે.
મારા શ્વાસને ત્યાં જતો રોકવા
એક ડોશી શ્વેત પટ ઊભા કરે છે.
હું નિઃશ્વાસના
પર્વતોનો મહેલ ચણી
એના એ પટને મૌનની કાતર વડે
ચીરી નાંખી એમનાં શબને
ધુવડની આંખમાં બેઠેલ
અંધકારને સોંપી આવું છું.

ઘ

હસ
મુખ પ
ટેલ
'શૂન્યમ'

અવસાન

રોજ આવીને
પેલો પ્હોળા મોંઢાવાળો
અને મોટા પેટવાળો
સૂર્ય
દિવસ પર તૂટી પડે છે.
ગભરુ મેંઢા જેવા દિવસની કાયા
એ સૂર્યના દાંત બેસતાં જ
ઘડીકમાં રક્તવર્ણી બની જાય છે.
એના લોહીને પી જઇને સૂર્ય
ખ–ડ–ખ–ડા–ટ
હસે છે.
એના અટ્ટહાસ્યથી અંજાઈ જાય છે.
નીકળતા પ્રકાશ પાછળ
એની ભયંકરતા વધુ છતી થાય છે.
દિવસના અવસાનનો
ખરખરો કરવા આવેલી સંધ્યા પણ
એના અજવાળાથી અંજાઇ જાય છે.
ઘડીકમાં પેલો પ્હોળા મોંઢાવાળો
અને મોટા પેટવાળો સૂર્ય
સંધ્યાની કોમળ કાયાને પણ ગળી જાય છે.

MMMOMENTSMOM

ખીણમાં–એક 'મોન્ટાજ' કાવ્ય

તારાથી ટમટમતું ઝુમ્મર ઊતરવા લાગ્યું
ગૃધ્ર પંખી શા વૃદ્ધ દુર્ગની પાંખોને ચડવા લાગ્યું
વીંખાયેલી પાંખો મરતી માંખો શી તરફડવા લાગી
ત્યારે અંધમાતાની આંખોની
લાલ લાલ કીડીઓ કિલ્લો ચઢવા લાગી

હું બીઉં છું

પેલો ચન્દ્ર–તળાવની તગતી આબ
પિતાના પ્રેતનો પાઠ ભજવવા આવે
એ પૂર્વ હેમ્લેટના હોઠોનું હોરું પહેરી
આપઘાત કરવા ફૂદકો લગાવીશ
ઓફેલિયાની ખીણમાં.

—રાધેશ્યામ શર્મા



મનોવિશ્લેષણમાં Regression પ્રક્રિયાની ઘટના વર્ણવવામાં આવે છે. આ ઘટના ત્યારે ઉદ્ભવે છે કે જ્યારે જીવંતઓકમ (organism) ભૂતકાળના

તબક્કામાં થયેલા વર્તનને અનુસર છે. દા. ત.
વ્યક્તિ કોઈક વાર અમુક પરિસ્થિતિમાં બાળક જેવું
વર્તન કરે છે. સર્જન પણ આ રીતે કોઈ વાર પાછલા
તબક્કાઓમાં પ્રવેશે છે. અલબત્ત એ પ્રવેશ મૌલિક હોય
શ્રી રાધેશ્યામ શર્માના ઉપલા કાવ્યમાં આમ Regressiv
image– પૂર્વવર્તી બિંબ છે. શેકસપીયરે સર્જેલા સાહિત્ય
વિશ્વમાંથી સર્જક અહીં પોતાને અનુકૂળ પ્રતીકો લઈ આવે
કિલ્લાને બેહૂદા પંખી જેવો ગણે છે. માંખોના તરફડાટમાં
કિલ્લામાંના હલનચલન વર્તાય છે. બધું ભયથી ભરેલું છે.
તેમાં વળી કવિ અંધ આંખોની કીડી જેવી ગતિથી ડર પામે
વધુ ત્રાસદાયક તો પ્રેતની આંખનું illusion છે.
સળંગ રીતે શેકસપીરીયન સાહિત્યિક સામગ્રીને લેખે લગાડ
પ્રયોગાત્મક રીતે કવિ સફળ થયા છે. આવા પ્રયોગો ભાગ્યે
જોવા મળે છે જે unphrasable relations સિદ્ધ કરે

—મધુ કોઠા

ડ્રાંઉં ડ્રાંઉં : માત્ર નવી કવિતાની પુસ્તક શ્રેણી
પુ. ૧ જાન્યુ. '૬૮, સંપાદકઃ મધુ કોઠારી, સંકલન સમિતિ
હસમુખ શાં રાવળ, હસમુખ પટેલ 'શન્યમ્', કંચન અમીન,
વાર્ષિક ૪ રૂપિયા, વર્ષમાં છ પુસ્તિકાઓ પ્રગટ થાય છે,
પ્રકાશક : મધુ કોઠારી, શક્તિ નિવાસ ૧૭, ભક્તિનગર
સ્ટેશન પ્લોટ, રાજકોટ, મુદ્રકઃ આશાપુરા પ્રિન્ટરી, રાજકોટ.

ऽ।ऽ-ऽ।ऽ

(२)



સર્જનની પ્રક્રિયાને પકડવાના મિથ્યા પ્રયાસો ન થવા જોઇએ. કોઇને પૂછવામાં આવે તો તે કહેશે : 'Then suddenly, by having a blank canvas, I discovered I could make a picture myself.' સર્જક પોતે પણ પોતાના સર્જન પાછળ કાર્ય કરતાં પરિબળોથી અજ્ઞાત હોય છે, ત્યારે વિવેચક બિચારો ફાંફાં મારે તે સમજાય તેવી વાત છે. પરંતુ એનો અર્થ એ નથી કે નવીન સાહિત્ય ઉપહાસપાત્ર છે. ભલે અત્યારનો કવિ from shape to mis shape તરફ જવાનો અભિગમ દાખવે, પરંતુ તેની mis-shape તરફની દોટ



જેટલી પ્રણાલિ ભંજકતાની નહિ, તેટલી નવીન સ્થાપના પ્રત્યેની છે. જ્યારે સર્જકને જણાય છે કે external excitementની આળપંપાળ કરતી કૃતિઓ ખદબદી રહી છે, ત્યારે તે Inner Worldની યાત્રા આરંભી દેવાનો. Consciousમાંથી Subconscious તરફ ગતિ કરવાનો. અને એ ભૂમિ મોટે ભાગે વસ્તુલક્ષી નથી, ત્યારે બહુ શોધને અંતે થોડા નિઃશ્વાસના ટુકડાઓ જ આપણા હાથમાં આવવાના.

■ has
mukh
s
raval

બળતા
બકવાટ કરતા
ખંડમાં ખાંડ વેરીને
ખંડણી ચૂકવતાં
મૌન મૂર્તિ માતાજી
મારી સૂની
સુંવાળી શય્યામાં
અરીસાના પ્રતિબિંબોની
લાશો મારા બાલપણનાં
સપનાંની સારીગમ
સાંભળતી, સૂંઘી રહી છે,
પ્રિયાના હાડપિંજરનાં
હમામખાનાની હરમી
વાસને
ઓશીકે મગજને ગિરે
મૂકવાનું, મને અજાણ્યા,
માથાને પાલવે છે,

અને તેથી હૃદયની
હ્યાઓ હડી કાઢીને
દુર્ગુણની ગમાણમાં
ગાંજો ખાય છે.
પીએ છીએ
દ્રાક્ષાસવ
પણ દમનથી શ્વાસમાં
જે નાચી શકે નબાપી
નળીઓમાં
અમૃતતો અસુરો
પી ગયેલા પણ
મોહિનીના મોહમાં
ભોળિયા દેવોએ
માની લીધું કે એ
અમારા ઓડકારમાં
આવી ગયું.
અગરબત્તી કદી
બદબૂ છોડી નથી શકતી
એમ આપણે સ્વીકાર્યું છે
તેથી તેની

પ્રત્યેક ગંધને
સુંગધ કહેવાની
આપણી આદમ જૂની
આદત છે
ચાલુ ચીલે ચાલવાની
અને નછીંકવાની!
આદત તો ભોળા
આદમને ય હશે.
સેતાન કહીનો !
આ વસ્તારની વેલીઓ
ચઢાવી આખી જાતિના
સંઘે પૂછ્યું તો
હતું કે
આ ફળ ચાખવું મારે ?
કેટલાય શુક્રકણોના
ધમધમતા ધોધમાં
ઈવની પાંસળીઓ
તણાઈ ગઇ
કેમકે એ પાંસળામાંથી જ
જ્ઞાનનું વૃક્ષ અને
ગઅનાન પ્રસારક
મંડળીઓ લિમિટેડ થઇ

ઘડિયાળો ગોળગોળ
ઘૂમ્યા કરે છે જ્યારે
તેના કાંટા ચપટા છે
ચપટો છે જેમ
કાળનો ચહેરો મહોરો
અને ચીબું છે નાક,
નાકતો કોઈને નામનું ય નથી
નહીંતર ભડભાયડા
આપઘાત કેમ ના કરે ?
નાક નથી તેથી
નાટક લખે છે અને
કવિતાનાં કાલાંકાલાં
ચેટક કરે છે.
મારા ખંડની વીંગમાંથી
હું કદી વિદુષક વેશે
બહાર પડી શકું તો
તમે માનજો કે,
તમે કાયર નથી
અને હા, દીવાલોને
નાક હોય કે ના હોય
પણ કાન તો હોય છે હોં!

■ રાધેશ્યામ શર્મા

કાળો હુબસી દરવાજાની તીરાડ ખોદી
વાવ–કુવાના પાણી પીતા નગર તણી બે કાચ–લખોટી
આંખો ભેદી,
અડબાક ભીનાં અવાવરૂ કો જંગલ જંગલ
ઝાડ ઝાડની ડાળ ડાળનાં પાન પાનની
ભોગળ ભીસ્યા અંધકારની તગતગ તાતી
બીહામણી કો રાત અદીઠી ઓઢી
ગઢની રાંગે જરાક ઝંપ્યા
એકલવાયા એક શ્વાનની
એક ઊંઘનું નાજુક નમણું સમણું છેદી
ઠેક ઠેકમાં
નગર નગર ને ગામ ગામને સીમ સીમને
ખેતર ખેતર
તેતર તેતર
કોતર કોતર
રણ રેતીને પથ્થર પથ્થર
અડાબીડ કો થર થર કંપ્યા સરવર સરવર
ભેદી કાળો હુબસી
હરફર હરફર

■ શ્રીકાન્ત શાહ

સામેનો ટ્રેસોગ્રાફ : ' હુબસી '



ચાર કાવ્યો

(૨)

તમારી આંખોમાં કૃત્રિમ–
ઉપગ્રહની આ કેવી
ઉડાઉડ !
તમારા વાળ
ઉપર ઉડી રહેલી
અંતરીક્ષની રજ
વાતોના પ્રવાહીમાં
કેવી ઓગળી જાય છે !
તમારા
કાનનાં અવિશ્વાસનાં
પોલાણોમાં
સપ્તર્ષિમંડળ
બેહું બેહું
કેવું
ક્યારનું
વાતો કરે છે !

(૨)

તમારા નૃત્યમાં
નેપ્ચ્યુનની
ગતિની
ગૂંગળામણ....
આંગળિના અગ્રભાગે
કોસ્મીક કિરણોનો
કલરવ....
તમે ધખધખતા વાયુના
ગોળા જેમ
ઘડી ઘડી મુદ્રાઓ
બદલતા,
રીંછ, મહિષ,
ગેંડો, કે ઘરડો
શાહમૃગનો અવતાર
ધારતા,
પગની ઘૂઘરીઓમાંથી
ટાઈપરાઈટરનો
અવાજ
ટપકાવતા,

હાથ–પગની ફૂટેલી
નસોમાં
માર્સના ગ્રહની
નદીઓ કૃત્રિમ રીતે
વહેવડાવતા
અંગોને
અંડાકાર ભ્રમણમાં
વહેંચી નાંખો છો ત્યારે
તમારા
નૃત્યની આંખોમાં સરકે છે
સળગી ગયેલાં
અંતરીક્ષ !

(૩)
તમારી વાતોમાં
તારક–મંડળ
ખર ખર ખર
ખરે છે....
તમારી વાતોમાં
અંતરીક્ષનાં શહેર
સાબુની જેમ
સુગંધાય છે
કે કદીક તમારી વાતોમાં
અવકાશયાનની
ગતિ સંભળાય છે....
તે
આવેગો
તમારી વાતોમાં
વાયુ–રૂપે
પ્રસરી જઇ
ભ્રમ–વિભ્રમ ઉત્પન્ન
કરે છે જેથી
તમારી વાતોમાં તમે જ
માનતા નથી.
જો કે દૂરથી તો તે સંભળાય છે
બે ઉપગ્રહો વચ્ચેનો સંવાદ માત્ર.

(૪)

એ પ્રેમપત્રોના ટૂકડાઓ,
એ માર્સ–રંગના જાણે લાલ
લાલ પથ્થરોનો ભાર....
તું ક્યાં ગઇ ?
સીગ્મા એક્ષ અપોન એન
વખત કહું છું કે
તું ક્યાં ગઇ ?
પ્રેમના રંગીન પ્રવાહીને
પાળેલા કૂતરા માફક
બહુ પંપાળવામાં તને
મઝા આવતી હશે કે ?
ટાઇપરાઇટરના પોલાણોમાં
મારો પ્રેમ તને
બોલાવે છે
તું ક્યાં ગઇ ?
ઓફીસનું ટાઇપરાઇટર
કે ટાઇપરાઇટર જેવું આ
તારું શહેર
મારા કાનમાં ઊભું કરે છે

એક નકામું કારખાનું....
તેં મને ચીકણા પ્રદેશમાં
અવકાશીય ઉડ્ડયનનું
મહાસુખ આપ્યું હતું
તેના સહારે કહું છું
તું ક્યાં ગઈ ?
મારી ઠંડી આંખોના
ડ્રાઈંગ રૂમમાં
તારા લીસ્સા સ્નાયુઓના
પડછાયાઓને મૂકી ગઈ
ત્યારે બોલાયેલા
શબ્દો,
'ઈફ યુ ડોન્ટ માઈન્ડ'ને
લાલરંગમાં ટાઈપ કરવાની
મઝા શા માટે ના આવે ?
ચેલી ગીટારનો ઝણઝણાટ
અને તેથી ઉત્પન્ન
થતા ઉલ્કેશાટના આંતરીક્ષમાં
તાકી તાકીને તું
મારા કીકીના ગ્રહને

જોઈ રહે
એ મારે માટે
નવો અંતરીક્ષ-યુગ સ્થાપવા
પૂરતું છે.
લચ પચ
લચ પચ
થતા અવાજોનાં ગ્રહ-મંડળ
ક્યારે રચીશું ડાર્લીંગ ?
ચુંબાગા
ચુંબાગા
આકારોના
સૂનકારની
કોફી પીધા કરવાનો
શું અર્થ છે ?
ડાર્લીંગ,
તને તો
યાદ રહી ગયું છે,
માત્ર મારા
પેન્ટનું પાછલું ખિસ્સું.

■ મ
ધુકો
ઠા
ફી

'અદ્યતનતા'ની સાથે 'કવિતા' લખી છે. મને તેથી ઘણો આનંદ થયો છે. ઘણે સ્થળે કવિતાના ચમકારા સ્પષ્ટ દેખાય છે. ત્યાં ઉત્કટ અનુભૂતિ, નવીન કલ્પના, ધ્વનિયુક્ત વાની અને મર્મ-સ્પર્શી લય જરૂર અનુભવાય છે. પૃષ્ઠ ૧૦, ૧૨, ૧૮ થી ૨૨ અને ૨૬ થી ૩૨ પરના કાવ્યખંડો વેધક બન્યા છે. તમારી અગાઉની રચનાઓ (એમાંની કોઇક જ 'ખરેખર કવિતા' હશે) કરતાં આ કૃતિ નિઃશંક ચડિયાતી છે. તમને તે માટે ધન્યવાદ આપું છું. આવી પ્રયોગશીલતાને આવકારવી જ જોઇએ. અલબત્ત, તમે હજી સ્થૂલ 'અડપલાં'—ગુજરાતી કવિતાનું અંગ્રેજી અક્ષરોમાં શીર્ષક, લેખક-કૃતિનાં નામોનું અર્થહીન મિશ્રણ, અંગ્રેજી પ્રસ્તાવના વિ. કરતા રહો છો ખરા ! પરંતુ આવી સ્થૂલ પ્રયોગખોરીથી કર્તા કે કૃતિ કોઇને કશો લાભ થતો નથી. ઊલટું ગંભીર કૃતિઓ પણ 'ચાળા'માં ખપી જવાનો ભય રહે છે, કૃપા કરી આ વસ્તુ અટકાવી દેશો. તમારામાં Spark છે પણ એ નકામો વેડફી દેતા નહીં.

લિ. તમારા સહૃદય,

જશવંત શેખડીવાળાના નમસ્કાર.

ઉપલી ચામડી હસમુખ શાં. રાવળે ચીતરી છે

ડૂંઉં ડૂંઉં : માત્ર નવી કવિતાની પુસ્તક શ્રેણી

પુ ૨. માર્ચ '૧૮, સંપાદકઃ મધુ કોઠારી, સંકલન સમિતિઃ હસમુખ શાં. રાવળ, હસમુખ પટેલ 'શૂન્યમ', કંચન અમીન, વાર્ષિક ૪ રૂપિયા, વર્ષમાં છ પુસ્તિકાઓ પ્રગટ થાય છે. પ્રકાશક : મધુ કોઠારી શક્તિ નિવાસ, ૧૭, ભક્તિનગર સ્ટેશન પ્લોટ, રાજકોટ, મુદ્રક : આશાપુરા પ્રિન્ટરી, રાજકોટ.

ॐ श्री गुरुदेव

सोमवार को पूर्णिमा के दिन सायंकाल में पूर्णिमा
के दर्शन होते हैं। इसी दिन पूर्णिमा का पूर्ण
चन्द्रमा दिखाई पड़ता है। इसलिए

3

RIMENTALIST

દરેક સમયને પોતાની આગવી સરજત હોય છે. આપણી કવિતાને દરેક સમયમાંથી પસાર થવું પડયું છે અને સમયને અનુરૂપ એણે પોતાની વિશિષ્ટતા દેખાડી છે. કોઈ પણ કાળના ટુકડાની કવિતામાં *'hidden beauty'* હોય જ છે. *Jung* કહે છે તેમ: *'Every period has its particular prejudice and its psychic ailment'*. જ્યારે કવિતાનો દોર ભાવકના હાથમાંથી છૂટી જાય છે. ત્યારે કવિતા વગોવાય છે અને શુદ્ધ-કવિતા તરફ કવિતા ગતિ કરે છે. આમ બને છે ત્યારે આવી *detached poetry*ને કોઇને કોઇ રીતે ભાંડવાના પ્રયત્ન થાય છે. એમ પણ કહેવાય છે કે સાંપ્રત કવિતા સમયની સરજત નથી અને તેમાં અશ્લીલ તત્ત્વો-પ્રવેશ પામી ચૂકયાં છે. કવિતા માત્રમાંથી કોઈપણ પ્રદેશને હદપારી ન આપી શકાય. આવનાર પદાર્થો કવિતા બને એ શરત કવિતાને પાળવી પડે. કવિતાનું મૂલ્યાંકન થાય કે ન થાય, પરંતુ વાલેરી કહે છે તેમ: *voices that is and the voices that is coming and must come*, વચ્ચે સાતત્ય જળવાવું જોઇએ, આથી આધુનિક કવિ *crystalized memory*ને *scattered crystals*માં ઢાળતો હોય છે, ત્યારે પણ તેમાંથી *'force and form of action'* હાથ ભીડાવીને આકાર લ્યે છે!



■ has mukh s raval

... ...

એક : ક્યૂબિસ્ટ :

: ક્યૂબિસ્ટ :

: ક્યૂબિસ્ટ : કાવ્ય

... ...

ઝીણુ ઝીણુમાં નગર નગરના
કાટમાળને ભંડારીને
આભ આભનાં ખેતર વાવી
વાવી ખેતર આભ આભનાં
મેગ્નોલિયાનાં ફૂલ ખીલેને ઝૂલ પાથરે,
સ્તનટોળાં ત્યાં હરતાં ફરતાં
આસોપાલવ વીંધે,
પયસરવરમાં સરકે લાલપીળી માછલીઓ
ઝિલમિલ ઝિલમિલ,
સ્તનટોળાંની કાળી ભમ્મર
સાથળરેણામાં ગુંજરતો શ્વેત ભ્રમર
માછલીઓની ગતિ સાંભળી
પાંખ પ્રસારી ઉડુડુક ઉડુડુક ઉડે
અદ્ધર અદ્ધર ઝૂલે
ચૂડેલના વાંસામાં બેસી શ્વેત ભ્રમર,
બૃહસ્પતિની લાળ ચાટતો
લટ પંપાળી હોઠ ચાટતો
શુક્રકણોને શુક્રપૂડામાં સંભારતો,
શુક્રપૂડો તો વસુંધરા
વસુંધરા પર સ્તનટોળાં
સ્તનટોળાં પર શ્વેત ભ્રમર ગુંજરતો ■ મહેશ
ઝિલમિલ ઝિલમિલ. દવે

ભાર આ અસ્તિત્વનો
આજે ઉપાડી ચાલતાં
થાકે ચરણ,
પાનખરની પ્રેતસૃષ્ટિ
મુગ્ધમીઠી લેરખીને
ગૂંગળાવી શી રહી છે !
પક્ષ્મ પર છે બોજ:
ઓથારનો એવો ભીંસાતો પ્હાડ કે–
ટકરાઈને પાછાં વળે
સૌ સૂર્યનાં તાતાં કિરણ
–જોવો સૂર્યને કેમે કરી ?
જેના ઉપર બે પાય મૂક્યા
એ ધરિત્રી, ઘૂમરાતી વેગથી અવકાશમાં
ઊંચે ઊપડતી હોયના !
અંધાર ઓઢી સામટું આ આભ આખું
નીચે ઊતરતું હોયના !
આ ભીંસમાં જાઉં ભિડાઈ તે પહેલાં
રોમ રોમેથી નીગળતાં
સ્વેદબિંદુઓ મહીં હું
ઓગળી ક્ષણ જાઉં તો ?

■ રમ
ણુ જાની

ફૂલ

ફૂલમા નગર
નગરમાં સાગર
સાગરમાં ઊછળ્યો અવકાશે ઈન્દુ
ઈન્દુમાં ઉમડ....ગુમડ કૈં
ચઢી આવિયાં આષાઢી અંબર,
અંબરથી કિન્તુ અહીં આ એક જ
એક જ ઊગ્યું બિંદુ, બિંદુમાં વિસ્તરતું અવકાશ,
અવકાશે પાછો ઈન્દુ, ઈન્દુમાં સાગર,
સાગરે નગર, નગરમાં ફૂલ....

■ ભાનુ ત્રિવેદી

લાંબી સડક ટૂંકી સડક

ક્યારેક શબ્દોની પાંપણ પર
ઠરી ગયેલી ધૂળ ઊડે
લાંબીસડક પર ટૂંકીસડક પર.
વળી ક્યારેક કબૂતરની
ખવાઇ ગયેલી પાંખોમાંથી
કાટ ખાધેલા પીંછાનો
વરસે વરસાદ
લાંબીસડક પર ટૂંકીસડક પર.
ચૂંથાયેલા હાડમાસમાંથી બનેલા
જીવતા શબો
મોટી મોટી આંખો ફાડી
આમતેમ આંટા મારે
લાંબીસડક પર ટૂંકીસડક પર.
અવકાશમાંથી
તૂટી પડેલા ઉપગ્રહના
ટૂકડા જેવા
ખરબચડા વાંકાચૂકા
અક્ષરો એના શૂન્યાવકાશમાંથી
ચિચિયારી પાડે
લાંબી સડક પર
ટૂંકી સડક પર.

■ સતીશ ડણાક

['લાંબીસડક ટૂંકીસડક' નામની Micro-Bookમાંથી થોડીક પંક્તિ]

ફૂલદાનું

FLOWERVASE

એક
એકૂંદું
પદ
૩૫૬

નાયક ગીટાર જેવું ગણગણો
મરીશ મરીશ હું મરીશ
ને નવો જન્મ ધરીશ
જન્મે જન્મે
Flowervase લેવા પ્રયત્ન આદરીશ

પણ

વારંવાર. જન્મ ધરવા એટલે તો
'કૂતરાની' પૂંછડી પટપટાવવી
ચામડીને ચીતરેલી બતાવવી

ના ના

Flowervase નથી લેવું
Flowervase નથી. લેવું
Flowervase નથી લેવું
Flowervase હવે મારે મન
દેડકો મરેલોરે....
ગંધાતો કો'ક ગ્રહનો પોપડો
ઠરેલોરે....

Flowervase એટલે Flowervase નહીં
Flowervase હું જોતો નથી
Flowervase હું સાંભળતો નથી
Flowervase વિષે બોલતો નથી
હું Flowervase
અરે, એતો મારી પ્રેમિકાનું
મોઘેરું સંતાન,
પ્રેમિકાનું જીવતદાન.
Flowervase આપો મને
ચોકલેટ ભાવે મને
ચોકલેટ વિના હું મરી જાઉં
મારા આ ચોકલેટ લેલો
પણ Flowervase આપો અને
આપો આપો આપો મને
નાયકે Flowervaseને સ્પર્શ કરે
ફલાણો દોડી આવી તીણી છરી ધરે
ફલાણો બેહુદા પંખીની પાંખોનો ફફડાટ કરે
રહેવા દે, રહેવા દે, યુવાન

વાપર ના તું કળ
સૂરજમાં જા તું માર્સનો ગ્રહ થૈ ઓગળ
લૈ જાય છરી વાળ પાસે
કાપીને થોડા તે નાસે
નાયક ગીટાર જેવું ગણગણે
મરું મરું ભલે મરું
પણ Flowervase મારું કરું....
મને મારી પ્રેમિકા વ્હાલી
પ્રેમિકાને Flowervase વ્હાલું
Flowervaseને હું ધિક્કારું
પણ ન્યૂરોટીક પ્રેમિકાને જાયજો સારું
Flowervase માટે ના ગણું
આ જીવન પ્યારું....
પણ Flowervase એટલે ખૂન
પણ Flowervase એટલે જીવન
પણ Flowervase એટલે અંત
પણ Flowervase એટલે સુખ અનંત
કારમી ચીસ પ્રેમિકાની સંભળાય,
નાયક Flowervase લેવા જાય.

ના, ના, ફલાણો ખૂન કરશે
પણ ત્યારે ન્યૂરોટીક પ્રેમિકાનું શું થશે ?
અને મને મારી પ્રેમિકાનો
કાળો અંગૂઠો બહુ ગમે છે
ફલાણો નકામો મને દમે છે....
Flowervase લે લઉં લાવ,
રૂઝવું પ્રેમિકાનો ઘાવ.
Flowervase લેવા હાથ લંબાવે,
ફરી ફલાણો ઝડપથી આવે.
ફલાણો બેહુદા પંખીની પાંખનો ફફડાટ કરે
રહેવાદે, રહેવાદે, યુવાન
ડીલેરીયમની પિડીત બનીજા તું શ્વાન
નાયક ગીટાર જેવું ગણગણે
Flowervase નહીં લેવાય ?
પ્રેમિકા સાજી નહીં થાય ?
પત્ની, વોઝ, શ્વાન
પત્ની, વોઝ; શ્વાન
ઢળી પડે એ શ્વે બેભાન
ફલાણો આવે આમળતો કાન
ફલાણો બેહુદા પંખીની પાંખનો ફફડાટ કરે

ઘનાકાર માટેનો તલસાટ

કાવ્યમાં પૂરાયેલી ઘનાકારની સંવેદનાઓનો અનુભવ ભાવકચિત્તમાં નવું *Figure and Ground* ઉત્પન્ન કરે છે. ક્યૂબિઝમમાં રચાતાં વિશિષ્ટ આવેગ અને અનુભૂતિ બ્રાક કે માતિસનાં પોતાનાં આગવાં હતાં, તેથી તેમની *Struggle* સાચા સર્જકની *identity* ધરાવતી હતી. ક્યૂબિઝમમાં સર્જક ભૌમિતિક ભાષાથી પોતાનું કથન સિદ્ધ કરે છે. *Geometry* એ એને મન *God*ની અનુભૂતિ છે.

માતિસનો ઘનાકાર માટેનો તલસાટ હવે ગુર્જર સાહિત્યને પણ થવા માંડયો છે. ક્યૂબિઝમનું ભૌમિતિક-વિશ્વ, કાવ્ય માટે નવું *cognition* બન્યું છે. મહેશ દવેએ ઘનાકારશૈલીમાંથી નવા નવા કાવ્યઘાટ ઉપજાવવા માંડયા છે, તે આ વાતનું સૂચન કરે છે. એમણે રચેલી કેટલીક રચનાઓમાં ભાવનું ભૌમિતિક સંક્રમણ અનુભવાય છે. હજુ આવી રચનાની સંખ્યા વધતી જશે તેમ આ હકીકત વધુ સ્પષ્ટ બનશે. પોતાના 'નાસ્તિ' નામના કાવ્યને તેઓ 'કાવ્યના પદ્યમાં ક્યૂબિઝમ શૈલીનો પ્રયોગ' એમ ઓળખાવે છે. 'નાસ્તિ'માં દરિયાનું નીરૂપણ છે, તો સાથે સાથે બીણમાં આભ છલકે છે અને સ્વપ્નનો મીઠો અનુભવ પણ થાય છે. આમ ત્રણ *Geometrical divisions* સધાય છે, છતાં *continuum of time* જળવાઇ રહે છે.

'દરિયો હોડીમાં ઉછળતો
દરિયો પડઘમ ભૂત ભટકા ધૈ ધૈ
નીચે વનરાવનમાં લેઇ લેઇ'

આ પંક્તિઓમાં 'દરિયા'નો એક *cube* રચાતો જોઇ શકાય છે આવા જ 'બીણ' અને 'સપના'ના *cubes* છે.

એવો જ બીજો પ્રયોગ 'એક ક્યૂબિસ્ટ કાવ્ય' છે. એમાંય ખીણ, આભ, બૃહસ્પતિ, શુક્રના *cubes* જોવા મળે છે. પ્રારંભની પંક્તિઓમાં જ *cubism* ની અસર જોવા મળે છે :

'ખીણ ખીણમાં નગર નગરના
કાટમાળને ભંડારીને
આભ આભનાં ખેતર વાવી....'

અહીં કવિને નગર-સંસ્કૃતિ કે ગ્રામ્ય-સંસ્કૃતિનો અર્થ અભિપ્રેત નથી પણ આભ-અવકાશની સંસ્કૃતિનો અર્થ અભિપ્રેત છે. 'પયસરવર', 'શ્વેતભ્રમર', 'શુક્રકણો' વિ. માં સફેદ રંગ પ્રત્યે કવિનો પક્ષપાત દેખાય છે. આમ *poetic colour blindness*નો સિધ્ધાંત સિધ્ધ થાય છે. શુક્રપૂડાનું *world-symbol* ઘટ બનતું જણાય છે. *cubism*ની વિશિષ્ટતા-સ્થૂલ નહીં, પણ સૂક્ષ્મ *distortion* છતું થાય છે. વિદેશમાં *homosexual plays*નું સર્જન પૂરબહારમાં ચાલે છે, એના પડઘારૂપે આ કાવ્યમાં 'બૃહસ્પતિ' અને 'ભ્રમર' વચ્ચે *homosexuality* દેખાય છે. કેટલાક કહે છે કે મહેશને કવિતા કરતાં ફાવતું નથી, પણ ઉપલી રચનાઓ જોતાં જણાય છે કે મહેશને *cubism*માં કાવ્ય કરતાં જેવું ફાવે છે તેવું ઓછાને ફાવતું હશે.

■ મધુ કોઠારી

■ Zigzag દિશામાં જઈ રહેલા ગુજરાતી સાહિત્યને નિશ્ચિત Configuration આપવા મથતા જવાંમર્દ-રૂપના પત્ર 'આકાર'નો પ્રારંભ થયો છે. શ્રી મહેશ દવે, હિંમત ઠક્કર સંપાદન કરે છે. સંપર્ક : મહેશ દવે, ૩૭, સાબરમતી સોસાયટી ધર્મનગર, અમદાવાદ-૫.

એક પત્ર

પ્રિય ભાઈશ્રી,

'ડ્રાંઉં ડ્રાંઉં–૨' મળ્યું છે. વેદના ઋષિઓની કલ્પના તમને જડી તેથી આનંદ આ વખતની કૃતિઓમાં કવિતાના ચમકારા વરતાય છે આવી પ્રવૃત્તિનો આપણને શું ઇષ્ટ છે ? રૂઢ કવિતા ઉપર આપણે તો નવ-કવિતાની કલમ કરવી છે, કાંટો ચડાવવો છે ગંભીર પ્રયોગોની નોંધ સહૃદયો લેવાના જ, મણ જે ક્ષુલ્લક તે તો કાળ ભેગું થવાનું જ, જવાનું જ. રૂઢ ગણાતી કવિતા પણ એક કાળે નવી હતી; એના કવિઓ આપણા જેટલા જ ઉત્સાહથી કંઇક નવું કરી રહ્યા છીએ એમ જ માનતા હશે ને ? ! પ્રયોગશીલતા ટકાવો, પ્રયોગ દુષ્ટતા અટકાવો. સૂકા ભેગું લીલું'ય બળી ના જાય તે જોશો. તમારા સાહસને અભિનંદું છું.

લિ. સહૃદય,

જયન્ત પાઠકનાં વં. મા.

■ Ice-bergની જેમ ઠરી ગયેલી ગુજરાતી કવિતાને ઓગળી નાંખે તેવું Bold અને Hot પત્ર 'યાહોમ' મુંબઇના 'યાહોમીયન્સ' દ્વારા શરૂ થયું છે. સંપર્ક : સિતાંશુ મહેતા, એફ/૮ સિક્કાનગર, વી. પી. રોડ, મુંબઈ–૪.

ઉપલી ચામડી આશ્રિત હૈદરાબાદીએ ચીતરી છે

ડ્રાંઉં ડ્રાંઉં : માત્ર નવી કવિતાની પુસ્તક શ્રેણી

પુ. ૩, એપ્રિલ '૬૮, સંપાદક: મધુ કોઠારી, સંકલન સમિતિ : હસમુખ શાં. રાવળ, હસમુખ પટેલ 'ચન્યમ્', કંચન અમીન, વાર્ષિક ૪ રૂપિયા, વર્ષમાં ૭ પુસ્તિકાઓ પ્રગટ થાય છે. પ્રકાશક : મધુ કોઠારી, શક્તિ નિવાસ, ૧૭, ભક્તિનગર સ્ટેશન પ્લોટ, રાજકોટ, મુદ્રક : આશાપુરા પ્રિન્ટરી, રાજકોટ.

ડૂંગ ડૂંગનો

આ ત્રીજો

પગ

જવાંમર્દનો

સમજવો

E

EXP
ERI
MEN
TAL
GR
OUP

WEAREEXP

TRIO

ટ્રિઓ

TRIO

ટ્રિઓ

TRIO

ટ્રિઓ

TRIO

ટ્રિઓ

TRIO

ટ્રિઓ

TRIO

ડૂંગ ડૂંગનો

આ ત્રીજો

પગ

જવાંમર્દનો

સમજવો

E

EXP
ERI
MEN
TAL
GR
OUP

WEAREEXPI

ભારેખમ પથ્થરના કૃતક શણગાર દૂર કરી, વજનહીનતાનો સંતર્પક અનુભવ કરાવવાનું છે.

ooo

દૃશ્ય-જગત અને માનસ-જગતનાં objects કવિની ચેતનાનાં પડળો વચ્ચે આથડયા જ કરે છે. આમાંનો કોઈ object કે concept કોઈ પણ સમયે સામે આવીને ઊભા રહે છે. આવા conceptને હું કઈ રીતે deal કરું, તેની સાથે કઈ રીતે re-act થાઉં એ જ મારે મન મહત્વનો પ્રશ્ન બની રહે છે. કોઈ પણ actની સાથે દરેકનું re-act થવું અલગ અલગ હોઈ શકે-હોવું જોઈએ.

ટ્રિઓનું જે મથાળું બની બેઠી છે એ ક્રિયા વિશે કોઈ પણ કવિ જ્યારે 'ઇમેજ'ની સૃષ્ટી રચે કે એ ભાવને વિશિષ્ટ expressionથી અભિવ્યક્ત કરે કે માત્ર સંબાદોના ટુકડાઓ દ્વારા એ ક્રિયાને કંડારે, ત્યારે જ એના કવિકર્મની કસોટી થાય છે. આથી ટ્રિઓનું ખેડાણ અકવિળ ખુલ્લા પણ કરી બતાવે.

ooo

લઘુકાવ્યસ્વરૂપોનું ખેડાણ ઘણી શક્તિઓ અપેક્ષા રાખે છે ત્યાં કવિતા અને અ-કવિતા વચ્ચે એક પાતળી રેખા જ અંકાયેલી હોય છે. એમાં ય વળી ટ્રિઓ જેવાં

લઘુસ્વરૂપો દ્વારા કવિ આંતરચેતનાનાં પડળી વચ્ચે શ્વાસ લેવા પ્રયત્ન કરે, ત્યારે કવિતા બને ખરી, પરંતુ તેની એ મુસાફરી અધૂરી રહે તે જે મથાળા નીચે ટ્રિઓ રજૂ થયું હોય તેના લક્ષણો જ મુખ્ય બને અને કવિતા હાથતાળી દઈને સરકી જાય.

૦૦૦

માત્ર ત્રણ પંક્તિઓને કારણે આ formને રખે કોઈ ટ્રિઓનું label લગાડી દે. કવિ મોકળાશથી એક કરતાં વધુ images રજૂ કરે તે આશય છે. આ પ્રક્રિયામાં તે એક જ સંદર્ભમાં વિવિધ કલ્પનાકૃતિઓ અનુભવી શકવાનો અને ભાવકચિત્તને તેની પ્રતીતિ કરાવી શકવાનો. આ ઉપરાંત આપણને તે ચેતનાનાં ભિન્ન ભિન્ન સોપાન ઉપર મૂકી આપે છે. ઘણી વખત વિશિષ્ટ અભિવ્યક્તિનો પણ સુમેળ સધાય છે. આથી ટ્રિઓ symbolismના પ્રદેશમાં પણ ક્યારેક વિહરી આવે છે. અભિવ્યક્ત થાની ક્ષમતા દેખાય છે. આ સંદર્ભમાં એક ટ્રિઓ જોઈએ :

અંધકાર

એના પાલવમાં શરાબ ગંધાય.
એ આવતાનો સાથે ડાન્સરો જાગે.
નાઈટ-ગાઉનમાં ઘુવડ આંખો ખોલે.

'અંધકાર'ની personalityના વિવિધ traits ટ્રિઓના આ સ્વરૂપ સિવાય, આટલા અસરકારક રીતે, અન્ય

સ્વરૂપમાં નિરૂપવાની શકયતા વિશે પ્રશ્ન રહે છે. આ જ પ્રકારના બીજા ટ્રિઓમાં અભિવ્યકિતના નવા સૂર સંભળાય છે:

૦૦૦

તમે આંખ મીંચીને ખોલો છો, ત્યાં તમારી સામે અદ્દણ વાળીને અનુભવો હારબંધ ઊભા છે, તમને કોઇક અનુભવ, કોઇક concept ટ્રિઓ લખવા ઢંઢોળે છે તમે એક અનુભવને બીજા સાથે જોડી દો છો ને તમને જણાય છે કે તેમાંથી કોઇ વિશિષ્ટ સંદર્ભ રચાય છે. તમે મુકત રીતે કાવ્યસૃષ્ટિમાં વિહરી શકો છો. ત્યાં છંદ-કુછંદના બંધન નથી; અક્ષર ગણતરીની excersice નથી; માત્ર કાવ્યસૃષ્ટિના વિશાળ અને વિકટ સૃષ્ટિમાં તમારે પ્રવેશવાનું છે.

૦૦૦

Christian Zervos સાથેની વાતચીતમાં પિકાસોએ જણાવેલું કે 'When we invented cubism, we had no intention of inventing cubism, but simply of expressing what was in us'. જ્યારે કોઇ કવિ કે કવિસમૂહને એમ જણાય કે પોતાને અભિવ્યકિત સાધવામાં પ્રચલિત કાવ્યસ્વરૂપો અનુકૂળ નથી, ત્યારે તે કવિતાને મુકત માર્ગ પર મૂકવાના પ્રયાસો કરવાના. એ પ્રયાસમાં કદાચ તેની ગતિ શુદ્ધ કવિતા તરફ પણ હોઇ શકે. એ જાણીતી હકીકત છે કે પ્રયોગો જ સાહિત્યના બધ્ધવારિને મુકત વહન અપાવી શકે છે.

ટ્રિઓમાં કોઈ એક conceptના વિવિધ નિરૂપણ દરમ્યાન ખૂબ જ સહજ ઉદ્ગાર પણ સધાય છે. આવા કાકુઓમાં ચમત્કૃતિનો પણ અનુભવ થાય છે. આ પ્રકારના કેટલાક સંવાદોના ટુકડા પણ–દેખાતો સંદર્ભ ભલે ન હોય–કેવા સબળ પૂરવાર થાય છે તે જોવા માટે 'ઇન્ટરવલ', 'બેડરૂમ' જેવાં ટ્રિઓ જોવાં જોઇએ.

ooo

ગમે તેમ પણ ટ્રિઓમાં આપોઆપ ત્રણ imagesમાંથી single Trio-image ઉત્પન્ન થાય છે. આથી એક પ્રકારની experimental rhythm સંભળાય છે. છતાં 'હાઇકુ' કરતાં સાચા કવિને પારખવાની શક્તિ 'ટ્રિઓ' વિશેષ ધરાવે છે. ટ્રિઓ વડે ક્યા પ્રકારની પ્રતીકાર્થચ્છાયાઓ સિધ્ધ થઇ શકે છે, તેની જાણ તો આ સ્વરૂપની ભવિષ્યની અજમાયશ ઉપર અને તેને પામવા ઉપર આધાર રાખે છે. ટ્રિઓમાં કાવ્યમય આકર્ષણ શક્તિ રહેલી છે, તેનો ઇન્કાર થઇ શકે તેમ નથી. સાચો કવિ એના આકર્ષણમાંથી મુક્ત રહી શકવાનો નથી–ભલે મુક્ત રહેવાનું mask તે પહેરે !

• મધુ
ટોહારી

હ
સમુ
ખરાવ
ળ

સૂરજ :
• થાકી–પાકીને ફાનસે સૂતો.
• મૂઓ એ તો સ્તાંધળો છે.
• ઘુવડની આંખમા છૂપાયો.

એક કુંવારી છોકરી :
શાક સુધારતાં છરી વગાડી •
મીણના પડ ઓગળતા જાય •
બે હોડ ફૂંફાડા મારે •

પાલવ :
• એ મારી વેદનાની એશ–ટ્રે છે.
• ત્યાં બુટ્ટા ન ભર તો ચાલશે.
• બેડી બેડી પરસેવો પાય.

ઈન્ટરવલ :
'ચાલો ભાગી છૂટીએ' •
'પ્લીઝ! ગીવ મી લાઇટર, •
'સાલી છે પડ્યા જેવી, •

ઈશ્વર :
એ સામે આવે તો થપ્પડ લગાવું.
દુશ્મનોથી ડરતો ભાગે.
પ્રલય સમયે પાંપણો પ્રેમથી ઝીલાય.

નર્તકી :

• એ વિશ્વામિત્રને શોધે છે.
• એના પગ પર ઘુઘરા ઝઘડે.
• એના હાથ-પગ ચોદ્વાના છે.

સ્વપ્ન :

એણે મેળાપ કરાવ્યો ગંધર્વકન્યાનો •
વાત કરું ત્યાં હાથતાળી દે •
મને B.I.W.ના પલંગમાં ઉપાડી ફેંક્યો •

થોર :

• મારા ડાબા હાથની હથેળી.
• સભ્ય સંસ્કૃતિ સામે કાંટાળા ડોળા.
• મારા શરીર વચ્ચે કાંટાનું ઝૂંડ.

બેડરૂમ :

મિસ્ટર ! આ હીંચકો નથી! •
દિવસે બારણે તાળું લટકાય •
રાતના વીજળી-દીવાને આરામ •

અંધકાર :

એના પાલવમાં શરાબ ગંધાય.
એ આવતાની સાથે ડાન્સરો જાગે.
નાઇટ-ગાઉનમાં ઘુવડ આંખો ખોલે.

હસ
મુખ પટેલ
'શૂન્યમ્'

કબરો

મત્યુના શ્વેતલ પહેરા
નિઃશ્વલતાના ચંચલ પહેરા
આંસુઓની ગીણ

રેતી

મૃગલાંનું અહીં મોત રમે છે
જલપરીનાં પીળાં ભૂત ભમે છે
ઈશ્વરનાં આ ફિક્કાં ઘર

આ
શિ
ત
હૈદરા
બાદી

ગુલમહોર :

- લોહી નીંગળતા મારા ટુકડા લટકે.
- પ્રકૃતિની આંખથી વહેલ આંસુ.
- હવામાં નાચતા-અંગારા.

જિંદગી :

ખાટી-મીઠી પિપરમેંન્ટ જેવી •
સિગારેટ બની સળગે, કદી રાખ બની ઊડે •
બગીચામાં ફરે, T1k-20માં ય ઘોળાય •

ઑફિસ :

- હારબંધ શિયાળ પ્રાર્થના કરે.
- શાંત વાતાવરણ, કાળનું જડબું ખખડે.
- ત્યાં ટાઈપિસ્ટ-ગર્લ ઈન્દ્રાસને બેસે.

પથારી :

ત્યાં સપ્નો પગ લંબાવી, આંખો ખોલે •
સાંઢની લડાઈમાં ઝાડનો ખો •
હવે વધારે શરમાવશો નહિ ! •

વેશ્યા :

એને કહો એ સેંથામાં સિંદૂર ન પૂરે
ત્યાં જમેલા થર નીચે વાલ્મિક દટાયો,
રાત-દિવસ એટમ્-બોંબ ફૂટે.

મ
ધુ
કોઠા
રી

ઝાડ

વેશ્યાનું અણીદાર નાક
બગડેલુ ટાઇપરાઇટર બણકે
સૂકાયેલ દર્દી ખાંસે

ઘોડાગાડી

પ્રેતનાં ડૂસકાંનો ડબડબ અવાજ
ઊભો દેડકો હાંફે
એ પૈડામાં સૂરજ અટવાય

કારખાનું

લોખંડનો ક્રવસે કરચલો
ધરડી-સ્ત્રીનો ફૂંદણાંવાળો બરડો
ધૂમાડાની ધજાઓ

એક પત્ર

પ્રિય.

તમારી 'લાંબી સડક ટૂંકી સડક' નામની માઇક્રોબૂક મળી છે. વાંસની ભૂંગળીમાં કવિતાને મૂકી નદીમાં તરતી છોડી દેવાની મનોવૃત્તિ આ માઇક્રોબૂકના પ્રકાશન પાછળ છે. લાંબી સડક અને ટૂંકી સડક વચ્ચેની સ્થિતિસ્થાપકતા પકડવાની મથામણ દરેક કવિને કરવી પડે છે. હજુ આપણા કવિને ફલાણા ફલાણા ઠેકેદારોની સહાય વિના 'અવાજ' કરવાનો અધિકાર પ્રાપ્ત થયો નથી, તે સ્થિતિ વચ્ચે કોઈપણ પ્રકૃતિ કવિતાને જીવાડી શકશે તો સારું એ સાલાઓએ ઠેકા બંધ કરીને પ્રાણાયમ શીખવા જોઈએ, કેમક કવિતા અંતરીક્ષના ખોખામાં પણ તરી શકે છે.

લી.

મહેશ દવે

મૌન અને શબ્દ મૌન અને શબ્દ મૌન અને શબ્દ

મૌન અને શબ્દ

હસમુખ પટેલ 'ગ્રન્થમ્'નો પ્રથમ કાવ્યસંગ્રહ પ્રગટ થઈ ગયો છે. કિંમત : ૨-૦૦, પ્રકાશક : હસમુખ પટેલ 'ગ્રન્થમ' આર્ટસ કોલેજ – સંખેડા (જી. વડોદરા)

મૌન અને શબ્દ મૌન અને શબ્દ મૌન અને શબ્દ

સતીશ ડણાકની
માઇક્રોબુક
લાંબી સડક ટૂંકી સડક
પ્રગટ થઇ ગઇ છે. ૫૦ પૈસાની ટિકીટ, સતીશ ડણાક
૧૭૫૯, શંકરપોળ રાવપુરા, વડોદરા પર મોકલવી.

મુંબઇનુ 'કવિલોક' સ્વ. મણિલાલ દેસાઇની કૃતિઓનો સંગ્રહ તૈયાર કરી રહ્યું છે આથી જે વ્યકિતઓ પાસે મણિલાલની કૃતિની હસ્તપ્રત હોય તો તે, નકલ હોય તો તે, મણિલાલના પત્રો કે છબીઓ હોય તો તે નીચેના સરનામે મોકલી આપવા વિનંતી છે. વિવિધ સામયિકોના તંત્રી પાસે જો મણિલાલની અપ્રગટ કૃતિ હોય તો તે પણ મોકલી આપવા વિનંતી છે. માહિતી મોકલવા નુ સરનામું: જયંત પારેખ, એ/૨૦, અંબિકા એસ્ટેટ, મહાત્મા ગાંધી રોડ, ઘાટકોપર, મુંબઇ ૭૭ A S

ઉપલી ચામડી કે. ચંદ્રનાથે ચીતરી છે
ડ્રાંઉં ડ્રાંઉં : માત્ર નવી કવિતાની પુસ્તક શ્રેણી
પુ. ૪, જુલાઈ '૬૮, સંપાદક: મધુ કોઠારી, સંકલન સમિતિ : હસમુખ શાં. રાવળ, હસમુખ પટેલ 'શૂન્યમ્', કંચન અમીન, વાર્ષિક ૪ રૂપિયા, વર્ષમાં ૭ પુસ્તિકાઓ પ્રગટ થાય છે. પ્રકાશક : મધુ કોઠારી, શક્તિ નિવાસ, ૧૭, ભક્તિનગર સ્ટેશન પ્લોટ. રાજકોટ, મુદ્રક : આશાપુરા પ્રિન્ટરી, રાજકોટ.

ડ....રા....ઉં

ડ....રા....ઉં

ડ રા ઉં

ડ રા ઉં

ડ રા ઉં

ડરાઉં

ડરાઉં

ડરાઉં

દેડકાઓ શ્રી ઉમાશંકર જોષીને

Amplified voice થી અભિનંદે છે.

હાઈકુ પછી તનક ?

હાઇકુના જન્મોત્પાદન પછી ખુદ કવિઓ જ એ કાવ્યપ્રક
ગુંજાયશ તેમ જ સચ્ચાઈ અંગે ચિન્તા સેવી રહ્યા
"ઓટોમેટિક રાઇટીંગ" – સ્વયંભૂ લેખનમાં તો
સાહજિક સર્જન વ્યાપારની શક્યતા પણ રહેલી છે.
'હાઇકુ' જે ઢબે કન્વેયર બેલ્ટ પર ઊતરવા લાગ્યાં છે
તો કૃતક સર્જકતાનો જ ભય દેખાય છે. હવે હા
વળતાં પાણી જણાય છે ત્યારે "તનક" નામનું નવું
સ્વરૂપ આવી રહ્યું છે. " ડ્રાઉ ડ્રાઉ " તરફથી આ
ઊર્ફે ટ્રિયોની કેટલીક રચનાઓ શરૂ થઇ છે હાઇ
પેઠે જ આ પણ ત્રણ પંક્તિઓની રચનાઓ છે,
સઘન આકારનો આગ્રહ રાખવામાં છે આવે છે....આ
કાવ્યસ્વરૂપ "વિશિષ્ટ અભિવ્યક્તિ સાધતું ત્રિપ
ત્રિસંવેદન વ્યક્ત કરતું, કવિતા સિવાય અન્ય કોઇ બ
ન સ્વીકારતું, વિશેષને વિશેષ સૂક્ષ્મતા અને
તરફ ગતિ કરતું હોવાનો દાવો કરવામાં આવે છે.

આ દિશામાં હજી વધારે પ્રયોગોની રાહ જો

—ચુનીલાલ મા



જેટલુ પ્રાચીન તેટલું જ સારૂં એ પૂર્વગ્રહ સાહિત્યને અપકારી છે. પ્રાચીનતાની કસોટી શી ? આજે જે નવું લાગે છે તે આવતી કાલે કાલક્રમે પ્રાચીન નહીં બને ? ગુજરાતી કવિતામાં જ ઉમાશંકર સુંદરમ્–અને રાજેન્દ્ર–નિરંજનનાં કાવ્યો આજે નવીનતાભર્યાં અને આકર્ષક લાગે છે તેટલાં તેમનાં રચનાકાળે લાગતાં ?

કવિ–સાહિત્યકારનો આત્મા જુના સ્વરુપોમાં પરિતોષ પામતો નથી. એને અભિવ્યકિત માટે નિતનિત નવાં સ્વરૂપોની આંતરિક આવશ્યકતા ઊભી થાય છે અને તેથી સ્વરૂપ અંગે સૂગ ધારણ કર્યા વિના તમામ અભિવ્યકિતને પૂરતી ગંભીરતાથી તપાસવી જરૂરી છે. પરંતુ આ તપાસ પણ પૂરતી વિવેકબુદ્ધિથી થાય તે સાહિત્યના હિતમાં છે. કેવળ નવીનતા પ્રત્યેના અનુરાગથી પ્રેરાઇ જે કાંઈ પ્રયોગો થાય છે તે ઐતિહાસિક સ્થાન પ્રાપ્ત કરતા હશે કદાચ પરંતુ ચિરંતન મૂલ્ય સ્થાપી શકતા નથી. જેમ પ્રાચીન તેટલું જ સારૂં એવો પૂર્વગ્રહ અયોગ્ય છે. તે જ રીતે જેટલું નવીન તેટલું સારૂં જ એવો રૂઢગ્રહ પણ અનુચિત છે. સ્વરૂપ તો એનો બાહ્ય આકાર છે, ઉપકરણ છે આત્મા નથી તેથી સાહિત્ય વિવેકમાં પ્રાધાન્ય તો આત્માનુસારીને જ હોય.

■ ડો. પિનાકિન દલ

બાઉ વાઉ
પ્રિન્સ, બાઉ વાઉ
કાઉનમાં કાઉન કર્લી હે
હો હો
તું મેરા ચાંદ
ચૂં ચૂં કવીન સાથ હી મરના
પ્યારકી મુરલી
બાઉ વાઉ
E ા X ▫ મ
હૂં કૈં હેશ
Z બાઉ વાઉ દવે

ઓળા

ઓલ્યા ખેતરે બાઝયાં'તાં જળાં
જુવારના ડૂંડાએ ચૂડીઓ તોડીને
દાણાના ચાંદલા નાંખ્યા ભૂંસી.
ઓલ્યા મોરલાના કંઠમાં મલ્હાર જોઈ
ખેતરના રોતા'તા શેઢા
ઓલ્યા ક્ષયના જંતુ નિમિત્ત બન્યાના દુઃખમાં ▫ મ
હોસ્પીટલ ખૂણે ફૂટતાં'તાં છાતી, હેશ
ત્યારે અંધકારે પાડયાં આસું. ત્રિવેદી

Death is the creative act itself

When one prefers
to selute us,
we should not com
in one's way.

I am little worried
when I heard
the news that
the Sun is sailing
in the mud

Let the Sun die
I don't mind.

રાવણ's confused
inner - being
irritates peptic - ulcer
of my words.

■

હસમુખ શાં. રાવળ

રાવજી તું

સાબુની જેમ
ઓગળતો
ઓગળતો
ઓગળતો
જ
ગયો.
રેઝીનના કાપડના તારા
સુકકા ચહેરા
પાછળ
પંખીના શબ્દની કુમાશ.
આંખોમાં ઊગી નીકળેલાં
ખેતરો.
કોમ્પ્યુટરોની અમારી
દુનિયામાં
તારું
પંખીના
પગ
થઈ મ્હાલવું.

મેટાબોલીઝમ

આંખોમાં જ
સળગી જતા ખાદ્ય–પદાર્થો
લોહીની દુનિયા
રચવામાં નિષ્ફળ જાય છે.
ઇલેક્ટ્રીક લોન્ડ્રીમાં
લટકાવેલા
કડક કપડાં જેવા વિચારો
તમારા
લોહી વિનાના
શરીરમાં લટકે છે....
લોહી વિનાનું શરીર
સ્કુટરના અવાજ
જેવું લાગે છે,
લોહી વિનાનું શરીર
પીળા
રંગના કાપડ જેવું લાગે છે,
લોહી વિનાનું શરીર
ટોનીક દવાના સ્વાદ
જેવું બેહૂદું લાગે છે.

તમારું
સાબુ જેવું સુંવાળું પેટ
પાચન કરી શકતું નથી.
આથી
શબ્દો તમને
સૂકાયેલા ખાદ્ય-પદાર્થો જણાય છે.
દરેક દિવસ
સફેદ થઇને
ઊગે છે.
દિવસના સફેદ કેનવાસ
એક પછી એક
તમારી સામે રજૂ
થાય છે
અને તમે
એના પર કાંઇ દોરી
શકતા નથી.
તમારા શહેરની જેમ
તમારું પેટ
પણ
અકલ્પ્ય રીતે ફૂલતું ને ફૂલતું

જાય છે.
તમારા પેટમાં
ઉલ્કાઓ સળગી જાય છે.
તમારા પેટમાં
આઠમા અંતરીક્ષનો
સૂર્ય
ચળવળે છે.
પાચનક્રિયા
એટલે
અણુગમતા અંતરીક્ષમાં
ગ્રહ થૈ વિસ્તરવું.
તમારા સંબંધીઓ
પેટના આંતરડાંના આકારો
બનીને આવે છે.
મકાન જેવા પેટમાં
અવિશ્વાસના
સ્ત્રાવ ઝરે છે.
સંબંધીઓ સ્ત્રાવ બનીને કોઈક વાર
તમારા પેટમાં
કફ-મિક્ષચર બનીને
પ્રસરી જાય છે.

તમને
ગીટારના સૂર થૈને
વહેતાં અટકાવે છે
તમારી પાચનક્રિયા.
પાચનક્રિયાનું
સફેદ રીંછ
પોતાનાં અણિયાળાં
રુંવાટાં વધારતું જ
જાય છે
અને તમને વધુને વધુ
ખાવાનો આગ્રહ કરવામાં આવે છે.
સફેદ રીંછનાં તેથી રુવાંટાં વધતાં
જાય છે.
ગીટારના સૂર જેવાં સુંવાળા
પેટના રનાયુનાં પડ
એક પછી એક
ખવાતાં જાય છે
ત્યારેય તમને તો વિચાર
આવે છે ખાવાનો.

તમને વધુને વધુ
ખાવાનું મન થાય છે,
જેવી રીતે તમને વધુને વધુ
કવિતા લખવાનું મન થાય છે.
પણ ખાદ્ય-પદાર્થો જેવા
સુકકા મિત્રો
તમારા લોહીનો રંગ બદલી નાખે છે.
તમારી શિરાઓમાં વહેતું લોહી
તે કદાચ અનિશ્ચતાનું દ્રાવણ છે.
તમને
તમારી પાચનક્રિયામાં શ્રદ્ધા નથી
પણ તમારા મિત્રની પાચનક્રિયામાં
શ્રદ્ધા છે,
તમારા મિત્રના સ્વાદુપિંડમાંથી
નીકળતા રસમાં
ઓગળી જવાની ક્રિયામાં
તમને શ્રદ્ધા છે.
તમારામાંથી ઉત્પન્ન થતી
શકિત
રંગ વિનાના કેનવાસની

જેમ કોઇને
આકર્ષતી નથી
તેથી તમે તમારા
પેટમાં સળગી જતાં
તત્ત્વોના રાસાયણિક નગરમાં
ભૂલી પડી જવાનો
આનંદ માણોછો.
કોઇકે પીને ખાલી
કરી નાંખેલા
લેમન કશના
પ્યાલા વાળા ટેબલ
જેવું તમારું શરીર છે
જેના તરફ
કોઇની
નજર જતી નથી.
તમારી આસપાસ
ભમતું ભીનું
વાતાવરણ
અણગમતા હોઠમાં
ભીંસ અનુભવે છે.

બધાને તમારા કડક કપડામાં રસ છે,
પણ પાચનક્રિયામાં સળગી જતી
તમારી
ઈચ્છાઓમાં રસ નથી.

— મધુ
કોઠારી

એક મૃત્યુ કાવ્ય

તેથીતો હાથનું વૃક્ષ મારામાં ઝૂલે છે, પછી વાર્તામાં તેવી રીતે જાદુથી હું કઠપૂતળી બની શો-કેસમાં હું કરું છું ત્યારે હવાનું અટ્ટહાસ્ય મને સંભળાય છે આ મ્યુઝિયમમાં કૈદ મારા ખાલી અવશેષો લોકો સામે દાંતિયાં કાઢે છે તેથી તેમની મજાકનો વિષય બની, મારા Conpitioned એકાંતથી દૂર જઇ, રીસાયેલી નાયિકાની જેમ મૌન બની, મારા હાથમાં ફાંફાં મારતી મારી આંખોના કેટલાયે ઓળાઓની આવન-જાવનને હું રોકી નથી શકતો. ગઇ કાલે ઊઠીને મારા 'હું' એ મારા હાથોને કાપી નાંખ્યા હતા અને મારી હસ્તરેખાનું કેટલીય કુંવારીકાઓના મતમાં અનુદાન કર્યું હતું તેથી તો આજે લોહીથી ખરડાયેલી દીવાલ જોવાનું હું ટાળી શકતો નથી કેમકે બધે જ હાથોનું રણ....દરિયો.... શબ્દ સ્મૃતિ....ઉપનિષદોનાં જાળાં બાઝી ગયાં છે. મારા અધૂરાપણાને પામવા હું મૃત્યુ સાથે સંભોગ કરી લઉં છું કેમકે મૃત્યુનો નપુંસક છે આ મૃત્યુની પ્રજામાં Object ને જ સ્થાન છે.

■ નીતિન અદેત

Death is the serpent without the skin

મે કાળે

જલઠેક

લટૂરિયાંથી અટવાયેલું મેઘનું મોં :
ઉર્વશીથી ત્રાસી બહાર આવેલા ઈન્દ્રનો વિહાર
રેસ્ટોરાંમાં રેઈન-કોટની ગિર્દી –
અધખૂલી બારીના છૂપા છૂપા સનકારા !
લોહ પાઈપના છિદ્રે જલોદ્રેક....જલઠેક

શબ્દતો

શબ્દતો કોઈ ગાંગરે....
ભૂંકે, કોઈ કરડતો ફૂંકે....
ઘડી ઘડીમાં પ્લવંગ કૂદી!
વનવે સ્ટ્રીટે હૂકે....
....ગાજે વેળ વેળાનાં ગાણાં
ખખડે ભાતભાતનાં ભાણાં
ફ્રમઝૂમ ફૂણી પાની :
ધમધમ પડઘમ વાગે
બજાર વચ્ચે બંસી, વાંસ કૈં
બજી, રહે વણ ફૂંકે....

■ વ્રજ
લાલ

સર્રિયલ ગઝલ

નોનવેઝની ભોળી મછલી
ક્રમસપ્ટેમ્બર રલોલી રલોલી
ગોસની લીલી ટાઇના સમ
માણસ કહેવો પડશે જોલી
મોસ્ટ બ્યુટી હબસી કન્યા?
મૂરખ છે ગાલિબને શેલી
અહીંયા આવે માર્યા ડાર-
બોંગો નહીંતો સાલ્લો તેલી
શાકુંતલ બસ વાંચ્યા કરશું
બંધ કરી આખો દિ' ખોલી

ઇ શ્યામ સાધુ

રાત

ચટ્ટા પટ્ટા વાઘવાઘના હવે
કાળા કાળા કાગ કાગ-શા હલે
રાત રાતનાં મોજાં ઊછળે
ઊંડા ઊંડા અંધકારને દરિયે
હવે તો વાળવાળ કે રાત
અંધારાંનું આંજણ આંખે આંજે
રંગરાગનું નામ નહિ નિશાન
નિશાને એક જ રંગ તિમિર
નકશા નકશા ધુવડ ધુવડના હવે
કાળા કાળા ઝાડ પ્હાડ પર થશે
રાત રાતના ચકો ઊગશે
ઊંડા ઊંડા ધુવડ આખને આજે

ઇ શીતલ શાહ

Death is the sound of vibrating bird

મારા એક કાળરચીતરા બશ-શર્ટવાળા મિત્રને હંમેશ સ્વપ્ન આવે છે. સ્વપ્નાં સેનેટોરિયમમાં બાંસતી વ્યક્તિના શતાચોળ ગળફા દેખાય છે. એ સ્વપ્નસ્થ વ્યક્તિની કેડની આજુબાજુ હિંસક મકોડા વીંટળાઇ વળ્યા છે, પેલી વ્યક્તિ એક મંકોડાને દૂર કરે છે, ત્યાં હજાર મંકોડા ધસી આવે છે. કાળરચીતરા બૂશ-શર્ટવાળો મિત્ર જાગી જાય છે. કાળીફ્રેમના ચશ્મા પહેરીને જુએ છે, તો તેને માત્ર ઘરની ભાંગીતૂટી ઘરવખરી નજરે પડે છે.

મેં એ વ્યક્તિને હુળદરવાળા ચણા ફાકતો જોયો છે-સાથે ચણા ફાકયા છે.

Raviનું ગૂંચવાયેલું આંતરિક, શબ્દ બનીને આપણને ઘેરી વળે છે.

ઇ હસમુખ શાં. રાવળ.



- TRIO એટલે તનક કાવ્યમાં સંવેદનાની સઘનતા છે, અને કલ્પનાની મોકળાશ છે. પણ હાઇકુ'ની જેમ એમાં શબ્દ બંધન નથી. આમ આ નાની શી રચના એ ખરેખર આપણે ત્યાં નવું અર્પણ બને છે. તમે જે અવનવા પ્રયોગો કરોછો તેથી સાહિત્યને તો લાભ જ છે.

  – મધુરમ્

- TRIO બદલ ધન્યવાદ, કોઇપણ પ્રયોગની શક્યતાનો આધાર પછી તેના સાથે કેવું Work થાય છ તે પરછે.

  – શશિ શાહ

- Long live Trio !
  Long live Tanak !! – S. P. Gadhia

- એક Refreshment આપે એવો અર્થવ્યંજનાનો પ્રકાર તમે ઉઘાડો મૂક્યો તે બદલ અભિનંદન TRIO નું 'તનક-કાવ્ય- સ્તબક' પોતાનો એકડો ખરો કરે તેમ છે. 'હાઇકુ'ના Traffic વચ્ચેથી તમે માર્ગ કાઢી લીધો છે.

  – હિંમત ઠક્કર

ઉપલી ચામડીપરનું ચિત્ર 'મૃત્યુ' પ્રબોધ પરીખે દોર્યું છે. ડ્રાંઉં ડ્રાંઉં માત્ર નવી કવિતાની પુસ્તક શ્રેણી : પુ. ૫, ઓકટો. '૬૮, સંપાદક : મધુ કોઠારી, સંકલન સમિતિ : હસમુખ શા. રાવળ, હસમુખ પટેલ 'ધન્યમ્', સતીશ ડણાક, કંચન અમીન, વાર્ષિક ૪ રૂપિયા, વર્ષમાં છ પુસ્તિકાઓ પ્રગટ થાય છે.

મંગલાષ્ટક

ભર મધ્યાહ્ને
મીંચી કમરે દૃગ
ઉત્સવમય.

સિલીંગ ફેને
કેસર હેલી કરી
રમણે ચઢી.

બારી બહારનો
પીપળો હેતે ઝૂકી
ભીંતપે ઝર્યો.

મૃગીને મુખે
કલેન્ડરના મૃગે
આસવ સીંચ્યો.

રણી વધાઇ
ઊડી વાદળી દૂર
નભે વૈશાખી.

ગ્રંથથી સર્યો
'શાકુન્તલ' પૂર્વાર્ધ
ઓરડે રમ્યો.

વાયુના વહેણે
શ્વેત પૂર્ણ પાંગરી
શાન્તિની ધજ.

મધુ એકાન્તે
ગુંજ્યો અનંગજય
મૌનને લય.

—હસિત બૂચ

દેડકાઓ છ ફૂદકા મારીને નવા વર્ષે
પહેલો ફૂદકો મારી
ફેલાવશે

સનસનાટી

ડરાઉં ડરાઉં છ

(૬)



'તમે આંખો મીંચીને જે કાંઈ લખશો તે સત્ય હશે અને ઉઘાડી આંખે જે કાંઇ જોશો અગર લખશો તે અસત્ય હશે.' એવું કહેનાર કવિને આપણે હસી કાઢીશું, કારણ કે આપણને ભાળ છે માત્ર ચેતન-મનની. અચેતન મનમાં આપણી જાત નગ્ન થઇને નાચે, એવી આપણને જાણ થાય તો પણ આપણે તે પ્રત્યે દુર્લક્ષ સેવવાના. પરંતુ તેથી સત્ય તો સત્ય જ રહેવાનું.

આપણા કવિને પણ આંતરચેતનની લપસણી ભૂમિમાં જ પ્રવેશવું પડશે. એ ભૂમિમાં ખોદકામ કરવાનાં સાધનો તેણે જાતે જ ઉપજાવવાનાં રહેશે. એ ભૂમિમાં કોઇ નીતિનિયમો નથી; બંધનો નથી. એમાં જે કાંઇ બને છે, તે નિયમાનુસાર બનતું નથી. આવી બેઢંગી છતાં સત્ય ભૂમિમાં કવિને પ્રવેશ મળે તો જ તે જે કાંઇ સર્જન કરશે, તે વિવેચનના પડીકાબંધ ગણિતથી દૂરનું હશે અને કંઇક અંશે નવીન સ્થાપના પરત્વેનું પણ હશે.



* હસમુખ શાં. રાવળ

આવજો
મારા મૃત્યુ પછીની મિજબાનીમાં
તમે આવજો,
(સ્થળ: કબ્રસ્તાન, દિશા: ઉત્તર
સમય: રાત્રિ)
—આટલું લઈને.
તડકાનું કાળું અસ્તર
લીલના સરોવર પર તરતાં પાણીનાં
કાચા બૂંદો
વધ સ્તંભ પર લટકતી વર્તમાનની
સફેદ લાશ,
પીછાંની સુંવાળાશમાં લપાઇ ગયેલ મૌન
ફીણમાં તરફડતા સૂર્યની વેદના
અને
ચોમાસાની હવામાં ઘુમરાતા દેડકાના
ડ્રાઉંડ્રાઉં અવાજોમાં ઓગળી ગયેલ
કવિનું હૃદય.
આવજો,
રાતનો રેલો પરોઢને ભીંજવી ન દે
ત્યાં સુધી રાહ જોઇશ.

■ શાશ્વત શાહ

હજી

સૂરજ હજી ઊગ્યો નથી !
એના ઊગવાના અણસાર
દૂર સૂદૂર કળાય,
લાઇટના શેડ પર થોકેથોક જામી ▪ કુ. નિર્ઝરી
રતાંધળી માંખીઓની આંખોમાં હ. બૂચ
અણસાર એ લીંપાયા નથી હજી.

એક કાવ્ય

આ દૂર દૂર દિશાઓને ભરી દેતું
આકાશ તો વન્ધ્યાના મનમાં સંતાન પ્રાપ્તિની
શમી ગયેલી ઇચ્છાઓનો પહાડ છે.
કોઇ લક્કડખોદ
સૂર્યની સળગતી પાળે બેસીને તેને
કોર્યો કરે તો
કરપાઈ જાય એટલો તે અંદરથી પોલો છે.
એ પહાડની ચારે બાજુને
તમે ચન્દ્ર, તારા, ગ્રહો વગેરેથી સીવી લો
અને ઉપર
વાદળીનું આવરણ ઢાંકી દો
તો એ
મરી ગયેલી વન્ધ્યાનો જીવ ગતે જાય.

▪ સતીશ ડણાક

સમય

સમયનું ફૂણું ફૂણું ઘાસ,
ઘાસનો ફૂણો ફૂણો સમય
સમયનું ભીનું ભીનું મૌન.
મૌનનો ભીનો ભીનો સમય.
સમયની રાતી રાતી આંખ,
આંખનો રાતો રાતો સમય.
સમયની ઊંડી ઊંડી ખીણ,
ખીણનો ઊંડો ઊંડો સમય.
સમયનું લીલું લીલું ઝાડ,
ઝાડનો લીલો લીલો સમય.
સમયના લીસ્સા લીસ્સા પ્હાડ,
પ્હાડનો લીસ્સો લીસ્સો સમય.
સમયના તીણા તીણા ન્હોર,
ન્હોરનો તીણો તીણો સમય.
સમયની સૂની સૂની સીમ,
સીમનો સૂનો સૂનો સમય.
સમયની ઝાંખી ઝાંખી જ્યોત,
જ્યોતનો ઝાંખો ઝાંખો સમય.
સમયની લાંબી લાંબી વાટ,
વાટનો લાંબો લાંબો સમય.

— કુંચન અમીન

A

MASOCHIST'S

POEMS

૧

A Pioneering Concrete Poem

સ સ સ સ સ સ સ સ સ સ
સ સ ફ ફ ફ ફ ફ ફ ફ ફ ફ ફ
ર ર ર ર ર ર ર જ જ
જ જ જ ન ન ન ન ન ન ન ન
સ સ સ સ સ સ સ સ સ સ
મ મ મ મ મ મ મ મ મ મ મ
ન ન ન ન ન ન ન ગ ગ ગ ગ
ર ર ર ર ર ર ર ર ર
ક્રી ક્રી ક્રી ક્રી ક્રી ક્રી ક્રી ક્રી ક્રી ક્રી
ટ ટ ટ ટ ટ ટ ટ ટ ટ
ટ ટ ટ ટ ટ ટ ટ સ મ
પી પી પી પી પી પી પી પી પી
ડ ડ ડ ડ ડ ડ ડ ડ ડ
ન ન ન ન ન ન ન ન ન ન ન ન
પ પ પ પ પ પ પ પ પ પ પ પ સં
દ દ દ દ દ દ દ દ દ

ટાઇપરાઇટરનો
અક્ષર બનાવી
પછાડો
મને
પેપરના સફેદ
પથ્થર
પર
90 w. p. m.

ચાવવા આપી દો
જેથી
મારા શબ્દોથી
હું જ
ભયભીત બની ઢળી પડું

■ મધુ કોઠારી

સેંકડો વર્ષથી હું
સૂર્ય, ચંદ્ર, તારા નક્ષત્રોને
ઊગતાને આથમતા જોઉં છું.
સવાર, સાંજ, બપોર,
લાલ, લીલા, જાંબલી વિવિધ
રંગોથી રંગાતા આકાશને નીરખ્યા કરું છું.
મને પણ મારા હાથ રંગવાનું મન થાય છે.
અને મારા હાથની અણી કાઢી
દિશાઓની આંખમાં ઘોંચી દઉં છું.
છતાં મારા રંગહીન હાથને
અંધકાર ગળી જાય છે ત્યારે
મારી વિચારશૂન્ય આંખો
ઢળી પડે છે,
ને લાગે છે મારા દાઢીના વાળ
વધારે ને વધારે
સફેદ થતા જાય છે.

■ આશિત હૈદરાબાદી

T R I O
T R I O
T R I O

બાળક

ઈશ્વરના આ કૂણા પગ
યૌવન બેહું ઘોરે
વાસનાની બંધ આંખો

કરચલો

પાણીને ફૂટયા પગ
ભીલબાળાની તગે આંખો
અંધકાર આળસ મરડે

મનુષ્ય

અળસિયાની હુગારનો ઢગ
ઈશ્વરના લકવાવાળા પગ
આકડાનું આ ગમતું દૂધ

■ હસમુખ પટેલ 'શૂન્યમ્'

રાત

કાળીશાહીના ખડિયામાં લાલશાહી
દિવસનું દૂધ
તૂટલી ચાંચોવાળું કાગડાઓનું મૂંગું ટોળું

સૂરજ

સવારે પૂર્વને ઓશિકે પશ્ચિમનું માથું
બપોરે લૂની વાંસળી વગાડતો ગોવાળ
રાતે સળગતા કોડિયા નીચેનું છાયા-વર્તુળ

■ યોગેન્દ્ર ભટ્ટ

'મૌન' અને 'શબ્દ'ની ઓતપ્રોતતા

મારા મનમાં ગોરંભાઈ રહેલા મૌનને વાચા આપવી હશે, તો મારે શબ્દ પાસે દોડી જવું પડશે. સૌથી પ્રથમ મૌનને શબ્દની ને શબ્દને મૌનની ઓળખ આપવી પડશે. એમની વચ્ચે એ ક્ષણે જેટલી ઓળખ, જેટલી ઓતપ્રોતના મધાશે, એટલા પ્રમાણમાં મૌનને શબ્દ દ્વારા કવિતાનો આકાર મળશે. આ પ્રક્રિયા હર વખતે, હર ક્ષણે, હર કવિતાએ એક સરખી હોતી નથી, આથી જ એક કવિતા અન્ય કવિતાઓથી અલગ પડી આવે છે.

ભાઈ હસમુખ પટેલ 'શૂન્યમ' 'મૌન'ની 'શબ્દ' સાથે ઓતપ્રોતના ઘણે અંશે સાધી શક્યા છે અને એમના મનમાં ગોરંભાયેલા મૌનને સાચુકલા શબ્દો પણ જડ્યા છે. એમાંથી જે આકાર ઊપસી આવ્યા છે, તે પણ નિરનિરાળા છે આથી જ કવિ નવી કવિતાની અછાંદસ રચનાથી માંડીને પ્રાચીન ભજન 'માછીડા હોડી હંકાર'ના ઢાળની કવિતા પણ આપી શક્યા છે.

અને કવિને આખરે તો કલ્પનની સાથે કામ પાડવાનું છે. જેટલે અંશે કવિ 'દૃશ્ય' કલ્પનની પકડમાંથી છૂટીને 'અદૃશ્ય' કલ્પનની ભૂમિકાએ પહોંચી શકે, તેટલે અંશે તેની કવિતામાં ગહનતા અને અર્થસભરતા વિશેષ

આવવાનાં. ભાઇ 'શૂન્યમ્' આવા અદૃશ્ય કલ્પનોને પણ પ્રયોજી શક્યા છે, તે આનંદની વાત છે.

આજે 'નવી કવિતાં માટે જે ઉહાપોહ ચાલ્યો છે, તેની સાથે ઘણે અંશે જે અસ્પૃશ્યતાનો સંબંધ દાખવવામાં આવે છે, તે વિશે વાત કરવી હોય તો નાકનું ટેરવું ચઢાવીને વાત કરી શકાય, એવી પરિસ્થિતિમાં ભાઇ 'શૂન્યમ્'નું આ પ્રકાશન ઘણે અંશે સ્વસ્થ અને નિજી પ્રતિભાને વ્યક્ત કરતું બની શક્યું છે.

'મારી પાસે મૌન હતું એને શબ્દો મળ્યા. બંનેની મન સાથે પુરાણી પ્રીત તાજી થઇ. ત્રણે મિત્રો યાત્રાએ નીકળ્યા. અંતે મૌન અને મનના માર્ગમાં પથરાઇ રહ્યા' એમ કહેતા ભાઇ 'શૂન્યમ્'ને આપણે કહીએઃ

'તમારી કવિતાના શબ્દો માત્ર મનના માર્ગમાં પથરાઇ રહ્યા છે એમ નહિ, પરંતુ આંતરમનના માર્ગમાં પણ પથરાઈ રહ્યા છે'.

આંતરમનના માર્ગે કશુંક ખોદકામ કરીને એમના શબ્દો આપણને ફરી ક્યારે મળશે ?

■ હસમુખ શાં. રાવળ

'મૌન અને શબ્દ / કવિ-પ્રકાશક : પ્રા. હસમુખ પટેલ 'શૂન્યમ્',આર્ટસ કોલેજ, સંખેડા (જિ. વડોદરા) કિંમત ૨-૦૦

▫ 'તનક' વિષેના તમારા બધાંના પ્રયત્નો સફળના પાર તેવી કેટલીક કૃતિઓ વાંચ્યા પછી શ્રદ્ધા જગાવે છે 'હાઇકુ'થી તો હું પણ કંટાળી ગયો છું. મને વચમ તો ડર લાગેલો ગાંડી ગુજરાત 'હાઇકુ ઘેલી થઇ જશે.

— જશવંત મહેતા

▫ 'ટ્રીઓ'થી ગુજરાતી સાહિત્યમાં નવો ચીલો પાડવાનું મુશ્કેલ કામ શરૂ કર્યું. અલબત્ત સામાન્ય પ્રતિક્રિયાઓને છોડીને શરૂ કરેલ કાર્ય હંમેશ માટે મુશ્કેલ જ હોય છે. ધન્યવાદ! હું ફક્ત ધન્યવાદ કહી અટકી નહીં જાઉં સહકાર પણ આપીશ.

▫ મહેન્દ્ર ગોહીલ 'ઉલ્કા'

FROGS OF EXPERIMENTAL GROUP JUMP JOYFULLY FOUR TIMES WEL-COMING TORNADO-MAG. OF MODERN ENG.POEMS
Address : PAVANKUMAR JAIN, Govind niwas Sarojini Road, Vile Parle (west) Bombay-56.

ઉપલી ચામડી પવનકુમાર જૈને દોરી છે.

ડ્રાંઉં ડ્રાંઉં માત્ર નવી કવિતાની પુસ્તક શ્રેણીઃ

પુ.૬, ડિસેમ્બર '૬૮, સંપાદકઃ મધુ કોઠારી, સંકલન સમિતિઃ હસમુખ શાં. રાવળ, હસમુખ પટેલ 'શૂન્યમ્', સંતોશ ડબ્બાક, કંચન અમીન, વાર્ષિક ૪ રૂપિયા, પ્રકાશક : મધુ કોઠારી, શક્તિ નિવાસ, ૧૭, ભક્તિનગર સ્ટેશન પ્લોટ રાજકોટ-૨, મુદ્રક : આશાપુરા પ્રિન્ટરી, કનક રોડ, રાજકોટ - ૧.

ટ્રિઓનો
નોવેલ સંચય

પિત્તળનો સૂરજ

જસતનો સૂરજ

એક પત્ર....

પ્રિયભાઈ,

તમે આ પહેલાં મોકલેલ 'ડ્રાંઉ ડ્રાંઉ' મળ્યું હતું....'ફલાણાનું ફલાવરવોઝ' વિષે પણ મારા જે કંઈ પ્રત્યાઘાત હશે તે જણાવીશ. નિષ્ક્રિયતા જ મારે મન મરણ છે. તમારી પ્રવૃત્તિ ('આપણી' કહું?) જીવતાપણાની પ્રતીતિ આપે છે. લિ.

ચંદ્રકાન્ત શેઠના
સ્નેહ સ્મરણ

દેડકાઓના ડ્રાંઉ ડ્રાંઉ અવાજો પ્રસિદ્ધ થઇ ચૂકયા છે

- ઓલીવ ગ્રીન આપઘાત (એબ્સર્ડ પ્લે)
  હસમુખ શાં. રાવળ — બે રૂપિયા
- ફલાણાનું FLOWERWASE (બેહૂદાં પદ્યરૂપકો)
  મધુ કોઠારી — ત્રણ રૂપિયા
- મૌન અને શબ્દ (નવી કવિતાઓ)
  હસમુખ પટેલ (શૂન્યમ્) — બે રૂપિયા
- લાંબી સડક ટૂંકી સડક (Micro Book)
  સતીશ ડણાક — ૨૫ પઈસા
- ટાઇપરાઇટર (Micro Book)
  મધુ કોઠારી — ૨૫ પઈસા